RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 67* Date: 26.12.2022, Monday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## દિલ્હી, પંજાબ, ઉત્તરપ્રદેશ, ઉતરાખંડ, રાજસ્થાન, દિલ્હીમાં ઠંડીનો પ્રકોપ, જનજીવન ઠઠુંવાયું



નવીદિલ્હી,તા.૨૫

પહાડી વિસ્તારોમાં થયેલી હિમવર્ષાના કારણે ઉત્તર ભારતમાં ઠંડીમાં અચાનક વધારો થયો છે. સાંજથી જ દિલ્હી-એનસીઆર, હરિયાણા, રાજસ્થાન, યુપીમાં જોરદાર પવનો ફૂંકાવા લાગ્યા હતા, જેના કારણે તાપમાનમાં વધુ ઘટાડો થયો હતો. સાથે જ સવારે ધુમ્મસના કારણે વાહનવ્યવહારને પણ ભારે અસર થઈ છે. રાજધાનીમાં વિઝિબિલિટી ૧૦૦ મીટર રહી હતી. IMD વેધર વેબસાઈટ મુજબ આજે લઘુત્તમ તાપમાન ઘટીને ૪ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું હતું. જ્યારે શનિવારે એટલે કે એક દિવસ પહેલા પાંચ ડિગ્રી તાપમાન હતું. રાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

હવામાન વિભાગે શનિવારે મોડી રાત્રે જારી કરાયેલા અહેવાલમાં ચેતવણી આપી છે કે રવિવાર અને સોમવાર (૨૫-૨૬) ડિસેમ્બરે રાજધાની દિલ્હીમાં મોટા ભાગના સ્થળોએ ઠંડીનું મોજું રહેશે. બે દિવસમાં તાપમાનનો પારો ૪ ડિગ્રી સુધી નીચે આવી શકે છે.આઈએમડીએ ૩૦ ડિસેમ્બર સુધી હવામાનની આગાહી પણ જારી કરી છે પરંતુ બે દિવસ સુધી વધુ સાવધ રહેવું પડશે.આઈએમડી વેધર અનુસાર, ૨૫ ડિસેમ્બરે આકાશ આંશિક વાદળછાયું રહેશે. સવારે ધુમ્મસ રહી શકે છે. રાજધાનીમાં મોટાભાગના સ્થળોએ કોલ્ડવેવની સ્થિતિ યથાવત રહેશે. તેવી જ રીતે ૨૬ ડિસેમ્બરે આકાશ સ્વચ્છ રહેશે.આઈએમડીએ જણાવ્યું કે પંજાબ, ઉત્તર રાજસ્થાન, હરિયાણા અને દિલ્હીના આકાશમાં ધુમ્મસનું ગાઢ પડ દેખાયું. તે જ સમયે, બિહારના કેટલાક ભાગોમાં ધુમ્મસ રહ્યું, જ્યારે ઉત્તર પ્રદેશના મોટાભાગના ભાગો ધુમ્મસ મુક્ત રહ્યા. કાશ્મીરમાં ઠંડી વધી રહી છે અને ખીણના મોટાભાગના સ્થળોએ લઘુત્તમ તાપમાન નોંધાયું છે. અધિકારીઓએ જણાવ્યું કે શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન (-૫.૪) ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તેમણે કહ્યું કે વાર્ષિક અમરનાથ યાત્રા માટેના બેઝ કેમ્પ પહેલગામમાં -૬.૪ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના પર્યટન સ્થળ ગુલમર્ગમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૬.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

પંજાબ અને હરિયાણામાં ઠંડી હતી અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢ આ સીઝનનું સૌથી નીચું તાપમાન ૨.૮ ડિગ્રી સેલ્સિયસ સાથે પ્રદેશનું સૌથી ઠંડું સ્થળ હતું. શનિવારે સવારે, ગાઢ ધુમ્મસ બંને રાજ્યોના ઘણા ભાગોને ઘેરી વળ્યું હતું, જેનાથી દશ્યતા ઓછી થઈ હતી. પંજાબના ભટિંડામાં લઘુત્તમ તાપમાન ૩.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં બે ડિગ્રી ઓછું હતું. હવામાન વિભાગના અહેવાલ મુજબ, અમૃતસરમાં છ ડિગ્રી સેલ્સિયસ, લુધિયાણા, પટિયાલા, પઠાણકોટ, ગુરદાસપુર અને ફરીદકોટમાં અનુક્રમે ૫.૯, ૪.૮, ૭.૭, ૪.૯ અને ૫.૩ ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

## ભારતને ૮-૯% ગ્રોથ દ્વારા વિકસિત રાષ્ટ્ર બનતા ૨૦ વર્ષ લાગશે : રંગરાજન

નવીદિલ્હી,તા.૨૫

ભારતને ૮થી ૯ ટકાનો આર્થિક વિકાસ દર હાંસલ કરતા હજી ૨૦ વર્ષ લાગશે ભારતને પાંચ ટ્રિલિયનની ઈકોનોમી બનાવવી એ ટૂંકાગાળાનો યોગ્ય આશાસ્પદ ગોલ છે.આમ છતાં ભારત માથાદીઠ ૩૪૭૨ ડૉલરની આવક સાથે મધ્યમ આવક ધરાવતો દેશ ઓળખાઈ રહ્યો છે તેમ આરબીઆઈનાં પૂર્વ ગવર્નર સી રંગરાજને જણાવ્યું હતું. ભારતે અપર મીડલ ઈક્રમ ધરાવતો દેશ બનવા હજી બે વર્ષ લાંબી મજલ કાપવી પડશે તેની માથાદીઠ આવક વધારીને ૧૩,૨૦૫ ડૉલર કરવી પડશે. ભારતને આ સ્તરે પહોંચવા અને ૮થી ૯ ટકાનો આર્થિક વિકાસ દર હાંસલ કરતા હજી ૨૦ વર્ષ લાગશે આઈસીએફએઆઈ ફાઉન્ડેશન ફોર હાયર એજ્યુકેશનનાં ૧૨મા પદવીદાન સમારોહને સંબોધતા તેમણે કહ્યું કે, કુલ ઉત્પાદનનાં સંદર્ભમાં ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી ઈકોનોમી છે. તે એક સારી સિધ્ધિ છે. જો કે માથાદીઠ આવકની રેક્રમાં મુજબ ૧૯૭ દેશમાં તેનો ૧૪૨મો નંબર છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા વર્ષોમાં ભારતનું અર્થતંત્ર મજબૂત બન્યું છે.નીતિનાં ઘડનારાઓએ તત્કાળ ભારતનો ગ્રોથ રેટ વધારવા પર ભાર મુકવાની જરૂર છે. ૫ ટ્રિલિયન ઈકોનોમી એ ટૂંકાગાળાનો યોગ્ય આશાસ્પદ ગોલ છે. માથાદીઠ આવક વધારવા આપણે હજી લાંબી મજલ કાપવી પડશે. કોવિડ પછી અને યુક્રેન રશિયા યુધ્ધ પછી ભારતનાં ભાવિ વિકાસ માટે સ્પષ્ટ રોડમેપ ઘડવો પડશે.

### સુરતમાં ત્રિપલ મર્ડર સીસીટીવીમાં કેદ

## નોકરીમાંથી તગેડી મૂકતા કારીગરોએ કારખાનાના માલિક, તેના પિતા અને મામાની હત્યા કરી

સુરત,તા.૨૫

અમરોલી વિસ્તારમાં આવેલા અંજની ઈન્ડસ્ટ્રીયલમાં નોકરીમાંથી કાઢી મૂકતાં એમ્બ્રોઈડરી કારખાના માલિક સહિત ત્રણની હત્યા કરી બે કારીગરો ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે હાલ બંને આરોપીઓની અટકાયત કરી લીધી છે. ઘટના બાદ કારખાના માલિકનાં પરિવારજનો દ્વારા આરોપીઓને ઝડપી કડક કાર્યવાહીની માગ કરી હતી. હત્યાની આ ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ ગઈ છે.

સુરતના અમરોલી વિસ્તારમાં આવેલા અંજની ઈન્ડસ્ટ્રીયલમાં વેદાંત ટેક્સો નામનું એમ્બ્રોઈડરીનું કારખાનું આવેલું છે. જેમાં આજે મારામારીની ઘટના સર્જાઈ હતી. કારખાનાના માલિક પર બે કારીગરોએ જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં કારખાના માલિક કલ્પેશ ધોળકિયા, તેના પિતા ધનજીભાઈ અને મામા ઘનશ્યામભાઈ ત્રણે જણાનાં મોત થયાં હતાં. ઘટના બાદ ત્રણેયને કિરણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.ડીસીપી હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે અમરોલીમાં આવેલી વેદાંત ટેક્સોમાં આજે ૯થી સવા નવ વાગ્યાની આસપાસની આ ઘટના બની છે. એમ્બ્રોઈડરી કારખાનામાં કામ કરતાં કારીગરો દસ દિવસ પહેલાં જ કામે લાગ્યા હતા. તેને નોકરીમાંથી કાઢી મૂકવાની અદાવતમાં હત્યા કરવામાં આવી છે. પોલીસની તપાસમાં જાણવા મળ્યું કે નાઈટશિપમાં કામ કરતા કારીગરે યોગ્ય કામગીરી ન કરતા તેને છૂટો કરી દેવામાં આવ્યો હતો. જેની અદાવત રાખીને આજે વહેલી સવારે કારખાનામાં આવીને કારખાના માલિક, તેના પિતા અને મામાની હત્યા કરી દેવામાં આવી છે. પોલીસે આ ઘટનામાં બે આરોપીને રાઉન્ડ અપ કર્યા છે. જેમાંથી એક સગીર વયનો છે અને એક પુખ્ત વયનો છે.સુરતના અમરોલીમાં એમ્બ્રોડરી કારખાનાના વેપારીઓની હત્યા મામલે હાઈ લેવલની બેઠકનું આયોજન કરવામાં



આવ્યું છે. સુરત પોલીસ કમિશનર કચેરી ખાતે પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં આ મિટિંગ યોજવામાં આવશે. આ મિટિંગમાં ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી, સ્થાનિક ધારાસભ્ય, સમાજના અગ્રણીઓ અને વેપારી અગ્રણીઓ સાથે મળી આ કેસને લઈને વિશેષ બેઠક કરવાનો આયોજન કરાઈ રહ્યું છે. આ પ્રકારની બનતી ઘટનામાં કડકમાં કડક પગલાં લેવામાં આવે તેને લઇ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે. સુરત પોલીસ કમિશનરના કોન્ફરન્સ રૂમમાં આ મિટિંગ કરવા માટેનું આયોજન કરાયું છે.પિનાકીન પરમાર (ડીસીપી-સુરત પોલીસ )એ જણાવ્યું હતું કે, એક કારીગરે ભૂલ કરતા માલ ખરાબ થયો હતો. જેને લઈને માલિકે રૂપિયા આપી નોકરી પરથી કાઢી મૂક્યો હતો. આજે સવારે કારખાના પર આવી હુમલો કર્યો હતો. જેમાં કલ્પેશ ધોળકિયા, તેના પિતા ધનજીભાઈ ધોળકિયા અને મામા ઘનશ્યામભાઈ રઝોડિયાનું મોત થયું છે. મૃતદેહ કિરણ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સુરત પોલીસ દ્વારા આરોપીને ઝડપી પાડવા ટીમો કાર્યરત કરી હતી.સુરતમાં એકસાથે ત્રણ-ત્રણ લોકોને મોતને ઘાટ ઉતારાયા હતા. હત્યારાઓ હત્યાને અંજામ આપીને જોતજોતામાં જ ફરાર થઈ ગયા હતા. ત્યારે પરિવારજનોએ હત્યારાને ઝડપી પાડવા માગ કરી હતી. એટલું જ નહીં, જ્યાં સુધી હત્યારા ન પકડાય ત્યાં સુધી મૃતદેહ નહીં સ્વીકારવાની પરિવારજનોએ ચીમકી પણ આપી હતી.વેદાંત ટેક્સોના માલિક કલ્પેશ ધોળકિયા દ્વારા આજે તેમના જે કારીગરો છે તેમને નોકરીમાંથી કાઢી મૂક્યા હતા. જેને લઈને છુટ્ટાહાથની મારામારી સર્જાઈ હતી. જેમાં કલ્પેશ પર કારીગરોએ જ હુમલો કરી દીધો હતો. જેમાં કલ્પેશને બચાવવા તેના પિતા ધનજીભાઈ અને મામા ઘનશ્યામભાઈ આવ્યા હતા. તેમને પણ ચપ્પુના ઘા મારવામાં આવ્યા હતા. કલ્પેશ સહિત ત્રણેયની હત્યા કરી કારીગરો ફરાર થઈ ગયા હતા.

ધારાસભ્ય વિનુભાઈ મોરડિયા અને કુમાર કાનાણી સહિતના નેતાઓ હોસ્પિટલ દોડી આવ્યા હતા. બીજી તરફ આ ઘટનાને લઈને સુરત ક્રાઈમ બ્રાંચ સહિતની પોલીસની અલગ અલગ ટીમો દોડતી થઈ ગઈ હતી. આ સમગ્ર મામલે પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

કારીગરને નોકરી પરથી છૂટો કરી દેતા કારખાને આવી ઝઘડો કર્યા બાદ હત્યા કરી હતી. ત્રિપલ મર્ડરની ઘટના બાદ શહેરમાં ચકચાર મચી જવા પામી છે. મોટા ઉદ્યોગપતિઓ અને વેપારીઓ હોસ્પિટલ ખાતે એકઠા થઈ રહ્યા છે. આરોપીઓને પકડી કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે. કારખાનાના માલિક કલ્પેશ ધોળકિયા, ધનજીભાઈ, ઘનશ્યામભાઈના મોત થયા હોવાની માહિતી મળી રહી છે. હોસ્પિટલ ખાતે લોકોની એક જ માગ હતી કે આરોપીઓને પકડી કડક કાર્યવાહી કરવામાં આવે. ધારાસભ્ય વિનુ મોરડિયાએ જણાવ્યું હતું કે, સામાન્ય બાબતમાં હત્યા કરવામાં આવી છે. આ ઘટના બની છે તેના આરોપીઓ છે તેની તાત્કાલિક ધરપકડ થાય.

## પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ મોદી સહિતના નેતાઓએ શ્રદ્ધાંજલિ આપી

નવીદિલ્હી,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીને તેમની જન્મજયંતિ પર અટલ સમાધિ સ્થળ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ દરમિયાન તેમની સાથે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ હાજર હતા.

આજે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિએ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનો ઉલ્લેખ હંમેશા એવા નેતાઓમાં થાય છે જેમનું સન્માન વિપક્ષના નેતાઓ પણ કરતા હતા. સંસદ ગૃહમાં તેમના સંબોધનથી વિપક્ષ પર આકરા પ્રહાર કરતા હતા, જો કે ત્યાર બાદ જેવા તેઓ સેન્ટ્રલ હોલમાં આ જ વિપક્ષના નેતાઓને મળતા હતા, ત્યારે એવું લાગતું નહોતું કે થોડીવાર પહેલા અટલ બિહારી બાજપેયી આટલો હુમલો કરી રહ્યા હતા. પીએમ મોદીએ રવિવારે ભારત રત્ન અટલ



બિહારી વાજપેયીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી.

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિના અવસર પર હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે એટલે કે રવિવારે તેમની સમાધિ પર પહોંચ્યા હતા. અહીં વડાપ્રધાન મોદીએ ભાજપનો પાયો નાખનાર અટલજી બિહારી બાજપેયીને શ્રદ્ધાંજલિ આપી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીને તેમની જન્મજયંતિ પર અટલ સમાધિ સ્થળ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ દરમિયાન તેમની સાથે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ હાજર હતા. ભાજપ અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિને સુશાસન દિવસ તરીકે પણ ઉજવે છે. આ સંદર્ભે પાર્ટી અલગ-અલગ સ્થળોએ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું.

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પણ અટલ બિહારી બાજપેયીની સમાધિ 'સદૈવ અટલ' પર પહોંચ્યા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી. આ સાથે જ વડાપ્રધાન મોદીએ ટ્વીટ કરીને પણ અટલજીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. તેમણે લખ્યુ હતુ કે, ભારત માટે તેમનું યોગદાન અમૂલ્ય છે. તેમનું નેતૃત્વ અને દ્રષ્ટિકોણ લાખો લોકોને પ્રેરણા આપે છે.

૨૫ ડિસેમ્બર વર્ષ ૧૯૨૪માં અટલ બિહારી વાજપેયીનો જન્મ થયો હતો. તેઓ ભારતીય જનતા પાર્ટીના સ્થાપકોમાંના એક હતા. તેઓ ત્રણ વખત દેશના વડાપ્રધાન બન્યા. ૧૯૯૬માં તેમનો પ્રથમ કાર્યકાળ માત્ર ૧૩ દિવસનો હતો. આ પછી તેઓ ૧૯૯૮માં ફરી વડાપ્રધાન બન્યા અને ૧૩ મહિના સુધી આ પદ સંભાળ્યું. વર્ષ ૧૯૯૯માં તેઓ ત્રીજી વખત દેશના વડાપ્રધાન બન્યા. વડાપ્રધાન તરીકેનો કાર્યકાળ પૂર્ણ કરનાર તેઓ પ્રથમ બિન-કોંગ્રેસી નેતા હતા.

## તામિલનાડુમાં આતંકવાદી સંગઠન એલટીટીઈને પુનર્જીવિત કરવાનો પ્રયાસ

નવીદિલ્હી,તા.૨૫

પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ તમિલનાડુમાં આતંક ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે. આઈએસઆઈ લિબરેશન ટાઈગર્સ ઓફ તમિલ ઈલમ (એલટીટીઇ)ને એલટીટીઇ તરીકે વધુ સારી રીતે ઓળખવામાં આવે છે તેને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કરી રહી છે. ધ આઈલેન્ડ ઓનલાઈનના રિપોર્ટમાં આ વાત સામે આવી છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ આ સપ્તાહની શરૂઆતમાં એલટીટીઇના પુનરુત્થાનથી સંબંધિત ગેરકાયદે ડ્રગ્સ અને હથિયારોના કેસમાં નવ લોકોની ધરપકડ કરી હતી.એનઆઈએએ એક નોંધમાં જણાવ્યું હતું કે આ કેસ શ્રીલંકાના ડ્રગ માફિયાની પ્રવૃત્તિઓથી સંબંધિત છે, જેનું નિયંત્રણ ગુણશેખરન અને પુષ્પરાજાએ પાકિસ્તાનમાં ડ્રગ્સ અને આર્મ્સ સપ્લાયર હાજી સલીમ સાથે મળીને કર્યું હતું. અહેવાલો મુજબ, આ મોડ્યુલ ભારત અને શ્રીલંકામાં કાર્યરત છે અને એલટીટીઇના પુનરુત્થાન માટે ભંડોળ એકત્ર કરવા માટે ડ્રગ્સ અને હથિયારોની દાણચોરી કરે છે.

પાકિસ્તાન દ્વારા દક્ષિણ ભારતમાં આતંકવાદને પ્રોત્સાહન આપવું એ નવી વાત નથી. ૨૦૧૪ માં, એનઆઈએએ એક મોડ્યુલ શોધી કાઢ્યું જે કોલંબોમાં પાકિસ્તાન હાઈ કમિશન દ્વારા નિયંત્રિત હતું. હાઈ કમિશન તમિલનાડુમાં કેટલાક ઓપરેટિવ્સની દેખરેખ કરી રહ્યું હતું જેઓ વિવિધ સ્થળોએ જાસૂસી કર્યા પછી હુમલાની યોજના બનાવી રહ્યા હતા.અહેવાલો મુજબ, આ મોડ્યુલને જડમૂળથી દૂર કર્યા પછી આઈએસઆઇ હવે તમિલનાડુ અને શ્રીલંકામાં એલટીટીઈ ચળવળને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કરી રહી છે. ઈન્ટેલિજન્સ બ્યુરોના એક અધિકારીએ ફેબ્રુઆરીમાં જણાવ્યું હતું કે ન્ઈ ચળવળને તમિલ રાષ્ટ્રવાદ સાથે જોડીને તેને પુનર્જીવિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## મેરઠમાં સીએએના વિરોધ માટે યુપીમાં પહેલી સજા, સંપત્તિને નુકસાન પહોંચાડવા બદલ ૮૬ બદમાશો દોષિત

મેરઠ,તા.૨૫

૨૦-૨૧ ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ ઉત્તર પ્રદેશના અમરોહામાં નાગરિકતા સુધારા કાયદા (સીએએ) ના વિરોધ દરમિયાન જાહેર અને ખાનગી મિલકતોને નુકસાન પહોંચાડવા માટે ૮૬ જેટલા બદમાશોને દોષિત ઠેરવવામાં આવ્યા છે. ડીએમ તેમની પાસેથી જમીન મહેસૂલની બાકી રકમ તરીકે રૂ. ૪,૨૭,૪૩૯ વસૂલ કરશે. યુપી પબ્લિક અને પ્રાઈવેટ પ્રોપર્ટી ડેમેજ રિકવરી ક્લેઈમ્સ ટ્રિબ્યુનલ મેરઠ ડિવિઝને આ આદેશ આપ્યો છે.સીએએ વિરોધી વિરોધ માટે ઉત્તર પ્રદેશમાં આ પહેલી સજા છે. નિર્ણય સામે કોઈપણ કોર્ટમાં અપીલ કરી શકાતી નથી.

ટ્રિબ્યુનલના અધ્યક્ષ ડૉ. અશોક કુમાર સિંહ અને પ્રવીણા અગ્રવાલ (અતિરિક્ત કમિશનર મેરઠ વિભાગના સભ્ય) એ અમરોહા કેસમાં આદેશ જારી કર્યો હતો. પોલીસકર્મીઓ સાથેની અથડામણ દરમિયાન ૪,૨૭,૪૩૯ રૂપિયાની સંપત્તિને નુકસાન થયું હતું અને ૮૬ લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. હવે દરેક વ્યક્તિ પર સમાન રીતે ૪,૯૭૧ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ટ્રિબ્યુનલે ડીએમ અમરોહાને યુપી પબ્લિક એન્ડ પ્રાઈવેટ પ્રોપર્ટી ડેમેજ રિકવરી એક્ટ ૨૦૨૦ની કલમ-૨૩ના પાલનમાં દંડ વસૂલવા અને તિજોરીમાં જમા કરવાનો આદેશ આપ્યો હતો. રકમ જમા કરાવવા માટે ૩૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે. ૩૦ દિવસ પછી તેમની પાસેથી છ ટકા વ્યાજ અને રિકવરીનો ખર્ચ પણ વસૂલ કરવામાં આવશે. ત્રણ આરોપીઓ એવા છે જેમનું સરનામું ખબર નથી. આવી સ્થિતિમાં આ આરોપીઓના પોસ્ટર છપાવીને તેમની માહિતી એકત્રિત કરવા અને ખર્ચ કરાયેલી રકમ વસૂલવા માટે કહેવામાં આવ્યું છે.

૨૦ કેસમાં ૨૭૭ આરોપીઓને નોટિસ ૧૨ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ સંસદમાં નાગરિકતા સંશોધન કાયદો પસાર કરવામાં આવ્યો હતો. હિંસક વિરોધના પરિણામે વહીવટીતંત્રે

## તંત્રી સ્થાનેથી...

# કોંગ્રેસે એકલા જ આઝાદીની લડાઈ નથી લડી

*હાલમાં જ કોંગ્રેસના અધ્ય મલ્લિકાર્જુન ખડગેના સ્વતંત્રતા આંદોલન સંબંધી નિવેદન પર ભાજપે આકરો વિરોધ નોંધાવ્યો હતો. ખડગેએ કહ્યું કે આઝાદી અપાવવામાં કોંગ્રેસના નેતાઓએ કુરબાની આપી, પરંતુ ભાજપનું તો તેમાં કૂતરું ય નથી મર્યું. ખડગેએ કૂતરું શબ્દનો ઉપયોગ કરી દીધો, નહિ તો કોંગ્રેસ સહિત કેટલાય પક્ષોના નેતાઓ કહેતા રહે છે કે ભાજપનું સ્વતંત્રતા આંદોલનમાં કોઈ યોગદાન ન હતું. કેટલાક એમ પણ કહે છે કે સંઘ અંગ્રેજોના પક્ષમાં હતો.*

*અહીં ઉલ્લેખ કરવો જરૂરી છે કે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ પહેલાં કોંગ્રેસ એક રાજકીય પાર્ટી નહીં, પરંતુ સ્વતંત્રતા સંઘર્ષનો એક વ્યાપક મંચ હતો. સ્વતંત્રતા સંઘર્ષ કરનારા બીજી વિચારધારાઓના લોકો પણ કોંગ્રેસના મંચ પરથી કામ કરતા હતા. કોંગ્રેસના નેતા હિંદુ મહાસભાની આલોચના કરે છે, પરંતુ ત્યારે કોઈ વ્યક્તિ એક સાથે હિંદુ મહાસભા અને કોંગ્રેસ બંનેનો સદસ્ય રહી શકતો હતો. ત્યાં સુધી કે અધ્યક્ષ પણ. પંડિત મદન મોહન માલવીય હિંદુ મહાસભાના અધ્યક્ષ રહ્યા અને કોંગ્રેસના પણ. હાલની કોંગ્રેસ ત્યારની કોંગ્રેસના એ નેતાઓનાં નામ નથી લેતી, જેમની વિચારધારાને હિંદુત્વવાદી કે સાંપ્રદાયિક માને છે. બાલ ગંગાધર તિલક અને લાલા લજપત રાય, બંને એ સ્વતંત્રતા સેનાનીઓના પ્રતિનિધિ હતા જે હિંદુત્વ અને ધર્મ-અધ્યાત્મના આધાર પર ભારતનો વિચાર કરતા હતા. શું તેમનું આઝાદીના આંદોલનમાં યોગદાન ન હતું? ડો.રામ મનોહર લોહિયા અને જયપ્રકાશ નારાયણ જેવા નેતા પણ કોંગ્રેસ સાથે જ સ્વતંત્રતા સંઘર્ષમાં સક્રિય હતા. શું કોંગ્રેસ એવા નેતાઓની ભૂમિકા સ્વીકાર કરે છે?*

*વાસ્તવમાં નાનાં-મોટાં કેટલાં સંગઠન અને સંગઠનોથી ઈતર લાખોની સંખ્યામાં એવી વિભૂતિઓ હતી, જેમણે પોતપોતાના સ્તર પર આઝાદીની લડાઈમાં યોગદાન આપ્યું, બલિદાન આપ્યું. આઝાદીનાં ૭૫ વર્ષ પૂરાં થતાં એ ગુમનામ સ્વતંત્રત સેનાનીઓનું યોગદાન સામે લાવવામાં આવી રહ્યું છે. જેટલા સેનાનીઓનું વિવરણ આવી રહ્યું છે, તે દર્શાવે છે કે કોઈ એક સંગઠન કે મુઠ્ઠીભર નેતાઓ સ્વતંત્રતાનું શ્રેય ન લઈ શકે.*

*હવે સ્વતંત્રતા સંઘર્ષ વિશે બીજો પક્ષ જોઈએ. ભારતનો સ્વતંત્રતા સંઘર્ષ કોંગ્રેસની સ્થાપના પહેલાં લાંબા સમયથી ચાલતો રહ્યો હતો. અંગ્રેજો વિરુદ્ધ સંઘર્ષ પણ ૧૭૫૬-૫૭માં પ્લાસી યુદ્ધ સાથે શરૂ થઈ ગયો હતો. જેમ-જેમ અંગ્રેજી શાસનનો વિસ્તાર થતો ગયો, તેના વિરુદ્ધ વિદ્રોહ અને સંઘર્ષ પણ વધતો ગયો. કોંગ્રેસની સ્થાપના ૧૮૮૫માં થઈ અને અંગ્રેજો સામે અવાજ ઉઠાવવાની શરૂઆત તો વીસમી સદીના પહેલા દાયકાના અંતમાં થઈ, જ્યારે ૧૯૦૫માં બંગ-ભંગ આંદોલન થયું. ૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલનનું સત્ય શું હતું? કોંગ્રેસના મુખ્ય નેતાઓને અંગ્રેજોએ જેલમાં નાખી દીધા હતા. પછી આંદોલન આખા ભારતમાં કેવી રીતે ફેલાયું? ઠેર-ઠેર લોકોએ સ્વપ્રેરણાથી અંગ્રેજો વિરુદ્ધ વિદ્રોહનો ઝંડો ઉઠાવ્યો અને આંદોલન અહિંસક પણ ન રહ્યું. કહેવાનો અર્થ એ નથી કે ૧૯૪૨નું આંદોલન કોંગ્રેસનું ન હતું. કોંગ્રેસના સ્થાનિક સદસ્યો તેમાં સામેલ હતા, પરંતુ મોટી સંખ્યામાં એવા લોકો પણ આંદોલન કરી રહ્યા હતા, જેઓ કોંગ્રેસના સદસ્ય ન હતા.*

*હવે કરીએ આરએસએસ એટલે કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વાત. તેણે સંગઠન રૂપે આંદોલનમાં ભાગ નહોતો લીધો, પરંતુ તેના સ્વયંસેવક સ્વતંત્રતા આંદોલનમાં સંઘર્ષરત રહ્યા અને તેમાંથી કેટલાયે બલિદાન પણ આપ્યાં. સંઘના સ્થાપક ડો.હેડગેવાર પોતાના કોલકાતા અધ્યયન દરમ્યાન ત્યારના સૌથી મોટા ક્રાંતિકારી સંગઠન અનુશીલન સમિતિના સદસ્ય હતા. ત્યાંથી આવ્યા બાદ તેમણે ખિલાફત આંદોલન સામે અસહમતિ હોવા છતાં અસહયોગ આંદોલનમાં ભાગ લીધો અને જેલમાં ગયા. ૧૯૨૯માં કોંગ્રેસ દ્વારા પૂર્ણ સ્વરાજનો પ્રસ્તાવ પસાર કર્યા બાદ ડો.હેડગેવારે તમામ શાખાઓ પર તિરંગો ફરકાવવાનો સંદેશ આપ્યો અને તિરંગો ફરકાવવામાં આવ્યો. મીઠાના સત્યાગ્રહ માટે ડો.હેડગેવારે સરસંઘચાલક પદ પરથી થોડા સમય માટે ખુદને અલગ કર્યા અને ડો.પરાંજપેને જવાબદારી સોંપીને સ્વયંસેવકો સાથે નીકળી પડ્યા.*

## આઈસીઆઈસીઆઈ બેન્કના માજી સીઈઓ ચંદા કોચર, પતિને ૨૬ ડિસેમ્બર સુધી સીબીઆઈ કસ્ટડી અપાઈ

મુંબઈ,તા.૨૫

વિડિયોકોન ગ્રુપ કંપનીઝને મંજૂર કરાયેલી લોનમાં કથિત છેતરપિંડી અને ગેરરીતિ સંબંધે ધરપકડ કરાયેલા આઈસીઆઈસીઆઈ બેન્કના ભૂતપૂર્વ સીઈઓ અને એમડી ચંદા કોચર તથા તેમના પતિ દીપક કોચરને વિશેષ કોર્ટે ૨૬ડિસેમ્બર સુધીની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) કસ્ટડી આપવામાં આવી છે.ટૂંકી પૂછપરછ બાદ શુક્રવારે રાત્રે કોચર દંપતીની ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈએ આરોપ કર્યો હતો કે તેઓ જવાબ આપવાનું ટાળે છે અને તપાસમાં સહકાર નથી આપતા.ભ્રષ્ટાચાર વિરોધી કાયદા તેમ જ ભારતીય દંડ સંહિતાની ગુનાહિત કાવતરા સંબંધી કલમો હેઠળ નોંધાયેલી એફઆઈઆરમાં કોચર દંપતી, વિડિયોકોન ગ્રુપના વેણુગોપાલ ધૂત તથા કોચર દ્વનારા મેનેજ કરાતી નુપાવર રિન્યુએબલ્સ લિ. સુપ્રીમ એજન્સી, વિડિયોકોન ઈન્ટરનેસનલ ઈલેક્ટ્રોનિક્સ લિ. અને વિડિયોકોન ઈન્ડસ્ટ્રીઝ લિ.ને આરોપી દર્શાવાયા છે.સીબીઆઈનો આરોપ છે કે આઈસીઆઈસીઆઈ બેન્કે રૂ. ૩,૨૫૦ કરોડ જેટલી ક્રિડેટ સુવિધા ધૂત દ્વારા પ્રમોટ કરાયેલી વિડિયોકોન ગ્રુપ ઓફ કંપનીઝને આપી હતી. આ સુવિધા બેન્કિંગ રેગ્યુલેટશન

'કોરોના'.. કાવ્ય

અબોલ જીવોની હત્યાનું પરિણામ કોરોના છે
સ્વાર્થી મનુષ્યનાં પાપોનો અંજામ કોરોના છે
અબોલ જીવોની હત્યાનું પરિણામ કોરોના છે
વિજ્ઞાન ભલેને ગમે તેટલી શેખી મારતું જ રહે
ઈશ્વર જ સર્વસ્વ છે એનું પ્રમાણ કોરોના છે
જંગલ,જમીન,જનાવર, જળને સંભાળો જન
જેવું કરો તેવું ભરો એ કુદરતનો ક્રમ કોરોના છે
માસ્ક,દવા,માનવતાનાં થશે હજુંય કાળાબજાર
પાપીયાને કમાવાનો મોકો ઈન્તેઝામ કોરોના છે
બચવું હોય આપણે તો સહઅસ્તિત્વ સ્વીકારો
'પૂંછ નહીં તો મુછ નહીં' એ એલાર્મ કોરોના છે
-મિત્તલ ખેતાણી

# ચીનમાં કોરોનાને કારણે હાહાકાર મચી ગયો છે. તેનો ખતરો ભારત પર પણ મંડરાઈ રહ્યો છે.: મોદી

**વર્ષ ૨૦૨૨માં દેશની જનતાની તાકાત તેમની સફળતાની હદ એટલી બધી હતી કે 'મન કી બાત'માં દરેકને સામેલ કરવું મુશ્કેલ હશે**





નવીદિલ્હી,તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મન કી બાત કાર્યક્રમને સંબોધિત કરી છે. આજે ૯૬મો એપિસોડ હતો. મન કી બાતની શરૂઆતમાં પીએમ મોદીએ ભારતની પ્રગતિ વિશે વાત કરી અને જી-૨૦ જૂથની અધ્યક્ષતાની જવાબદારી મળવા પર ગર્વ પણ વ્યક્ત કર્યો. પીએમએ કહ્યું કે, વર્ષ ૨૦૨૨માં દેશની જનતાની તાકાત, તેમનો સહયોગ, તેમનો સંકલ્પ, તેમની સફળતાની હદ એટલી બધી હતી કે 'મન કી બાત'માં દરેકને સામેલ કરવું મુશ્કેલ હશે. ૨૦૨૨ ખરેખર ઘણી રીતે ખૂબ જ પ્રેરણાદાયક રહ્યું છે, અદ્ભુત. આ વર્ષે ભારતે તેની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કર્યા અને આ વર્ષે અમૃતકાલની શરૂઆત થઈ. આ વર્ષે દેશને નવી ગતિ મળી, તમામ દેશવાસીઓએ એકથી એક ચઢિયાતું કામ કર્યું.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, ×ગુજરાતનો માધોપુર મેળો હોય કે જ્યાં રુક્મિણી વિવાહ હોય અને પૂર્વોત્તર સાથે ભગવાન કૃષ્ણના સંબંધની ઉજવણી થાય કે કાશી-તમિલ સંગમમ, આ તહેવારોમાં એકતાના અનેક રંગો જોવા મળ્યા. આ બધાની સાથે સાથે વર્ષ ૨૦૨૨ બીજા એક કારણ માટે પણ યાદ કરવામાં આવશે. એટલે કે 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' ની ભાવનાનું વિસ્તરણ. દેશના લોકોએ અનેક રીતે એકતા અને એકતાની ઉજવણી કરી.

પીએમ મોદીએ કહ્યું કે વર્ષ ૨૦૨૨માં દેશવાસીઓએ વધુ એક અમર ઈતિહાસ લખ્યો છે. ઓગસ્ટ મહિનામાં 'હર ઘર તિરંગા' અભિયાન કોણ ભૂલી શકે. તે ક્ષણ હતી જયારે દરેક દેશવાસીઓ ઉત્સાહથી આ અભિયાનમાં ભાગ લીધો હતો. આઝાદીના ૭૫ વર્ષના આ અભિયાનમાં આખો દેશ ત્રિરંગામય બની ગયો હતો. ૬ કરોડથી વધુ લોકોએ તિરંગા સાથે સેલ્ફી મોકલી હતી. આઝાદીનો આ અમૃત મહોત્સવ આવતા વર્ષે પણ એ જ રીતે ચાલુ રહેશે — તે અમૃત કાલના પાયાને વધુ મજબૂત કરશે. જી-૨૦ પર વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે આ વર્ષે ભારતને જી-૨૦ ગ્રુપની અધ્યક્ષતાની જવાબદારી પણ મળી છે. મેં છેલ્લી વખતે પણ આ વિશે વિગતવાર ચર્ચા કરી હતી. વર્ષ ૨૦૨૩ માં આપણે જી-૨૦ ના ઉત્સાહને નવી ઊંચાઈએ લઈ જઈને આ ઈવેન્ટને જન ચળવળ બનાવવાની છે. પીએમએ કહ્યું, મારા પ્રિય દેશવાસીઓ, આજે સમગ્ર વિશ્વમાં નાતાલનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસ ઈસુ ખ્રિસ્તના જીવન અને ઉપદેશોને યાદ કરવાનો દિવસ છે. હું તમને બધાને મેરી ક્રિસમસની શુભેચ્છા પાઠવું છું.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે દેશમાં ફરી એકવાર કોરોના વાયરસના સંક્રમણનો ખતરો તોળાઈ રહ્યો છે. તેમની મન કી બાતમાં વડાપ્રધાને લોકોને સાવચેત રહેવાની સલાહ આપી હતી. તેમણે માસ્ક લગાવવા અને સાવચેતી રાખવાની સલાહ આપી. મન કી બાતમાં પીએમ મોદીએ કહ્યું, 'અમે જોઈ રહ્યા છીએ કે વિશ્વના ઘણા દેશોમાં કોવિડ-૧૯ના કેસ વધી રહ્યા છે. આપણે સાવચેત રહેવાની, માસ્ક પહેરવાની અને હાથ ધોવાની જરૂર છે.'

# આસામ-મેઘાલય બોર્ડર ફાયરિંગમાં પોલીસે સ્વબચાવમાં ગોળીબાર કર્યો: હિમંતા બિસ્વા સરમા

### મેઘાલયના ૫ નાગરિક અને આસામના એક ફોરેસ્ટ ગાર્ડનું મોત થયું હતું

ગોવાહાટી,તા.૨૫

મુખ્યમંત્રીએ કહ્યું કે મેઘાલય સહિત આસામની તમામ આંતર-રાજ્ય સરહદો પર સુલેહ-શાંતિ જાળવવા માટે સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે.આ મામલે ન્યાયિક તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું હતું કે નવેમ્બરમાં મેઘાલયની સરહદે આવેલા મુક્રોહમાં પોલીસે સ્વબચાવ અને સરકારી સંપત્તિની સુરક્ષા માટે ગોળીબાર કર્યો હતો. જો કે, મેઘાલયના નાયબ મુખ્ય પ્રધાન પ્રેસ્ટોન ત્યાસાંગે કહ્યું કે સીએમ સરમાએ જે કહ્યું તે 'જરૂરી નથી કે સાચું છે'. પ્રેસ્ટોને દાવો કર્યો હતો કે વિધાનસભાની અંદર અને બહાર આસામના મુખ્યમંત્રીના નિવેદનો અલગ-અલગ છે.

આંતરરાજ્ય સરહદ નજીક ૨૨ નવેમ્બરે બનેલી ઘટનામાં મેઘાલયના પાંચ રહેવાસીઓ અને આસામના એક ફોરેસ્ટ ગાર્ડના મોત થયા હતા. ગૃહમાં એક તારાંકિત પ્રશ્નનો જવાબ આપતા સરમાએ કહ્યું કે આસામના ફોરેસ્ટ ઓફિસર પર મેઘાલયના બદમાશોએ હુમલો કરીને માર માર્યો હતો. સરમા પાસે ગૃહ વિભાગનો હવાલો પણ છે. તેમણે કહ્યું, ×...સ્વરક્ષણમાં અને સરકારી સંપત્તિના રક્ષણ માટે પોલીસ ગોળીબાર બાદ, પાંચ લોકોના મોત થયા.× પશ્ચિમ કાર્બી આંગલોંગ જિલ્લાના પોલીસ અધિક્ષકના અહેવાલને ટાંકીને, સરમાએ જણાવ્યું હતું કે પડોશી રાજયના લોકોએ આસામના જવાનોને ઘેરી લીધા હતા અને હુમલો કર્યો હતો, તેમને સ્વ-બચાવમાં ગોળી ચલાવવાની ફરજ પડી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે આ લોકો પકડાયેલા ત્રણ લાકડાના દાણચોરોને છોડવાની માગ કરી રહ્યા હતા.

જ્યારે પૂછવામાં આવ્યું કે શું મેઘાલયના બદમાશો વારંવાર આંતર-રાજ્ય સરહદ પર કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ઊભી કરે છે, નિર્દોષ લોકોના જીવન અને સંપત્તિને જોખમમાં મૂકે છે, ત્યારે મુખ્યમંત્રીએ હકારાત્મક જવાબ આપ્યો, પરંતુ તેમણે એમ પણ કહ્યું કે આસામ પોલીસ કડક તકેદારી રાખી રહી છે. મેઘાલયના અધિકારીઓ સાથે સંકલનમાં વિસ્તાર. મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું કે મેઘાલય સહિત આસામની તમામ આંતરરાજ્ય સરહદો પર શાંતિ અને સુલેહ-શાંતિ જાળવવા માટે સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. આ મામલે ન્યાયિક તપાસના આદેશ આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે મેઘાલય સહિત આસામની તમામ આંતર-રાજ્ય સરહદો પર શાંતિ અને સૌહાર્દ જાળવવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. સીએમએ કહ્યું કે મેઘાલય અને આસામની સરહદ પર ૧૦ બોર્ડર પોસ્ટ છે અને કેન્દ્રીય ગૃહ વિભાગે બોર્ડર સિક્યુરિટી ફોર્સની ચાર કંપનીઓ પૂરી પાડી છે. આમાંથી બે-બે કંપનીઓ આસામ અને મેઘાલયમાં સ્થાયી થશે. સરમાના દાવાના જવાબમાં મેઘાલયના નાયબ મુખ્ય પ્રધાન પ્રેસ્ટોને જણાવ્યું હતું કે મેઘાલય સરકાર હિંસાની તપાસ માટે કેન્દ્રીય એજન્સી અને એક વ્યક્તિના ન્યાયિક તપાસ પંચના અહેવાલની રાહ જોઈ રહી છે. અનેક લોકોના જીવ લેનારી આ ઘટનાનું સત્ય નિષ્પક્ષ મૂલ્યાંકન દ્વારા બહાર આવશે.

## કાશ્મીરમાં ગિલાનીના ઘરને એસઆઈઈએ સીલ કર્યું

શ્રીનગર,તા.૨૫

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ વિરુદ્ધ સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. સ્થાનિક પ્રશાસને પ્રતિબંધિત જમાત-એ-ઈસ્લામીની ૧૨૨.૮૯ કરોડ રૂપિયાની ૧૯ મિલકતો અને ભૂતપૂર્વ અલગતાવાદી નેતા સૈયદ અલી શાહ ગિલાનીનું બે માળનું મકાન જપ્ત કર્યું હતું. આ કાર્યવાહી સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સીની ભલામણ પર કરવામાં આવી હતી જે ટેરર ??ફંડિંગ કેસની તપાસ કરી રહી છે. ગિલાનીનું આ ઘર શ્રીગઢના બરજુલા વિસ્તારમાં આવેલું છે. એસઆઈએએ આ જ વિસ્તારમાં એક અન્ય રહેણાંક મકાનને પણ જપ્ત કર્યું છે. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે આ ઘર જેઈઆઈ દ્વારા ૧૯૯૦ના દાયકામાં ખરીદાયું હતું અને તે ગિલાનીના નામે નોંધાયેલું હતું. ગિલાની ૨૦૦૦ની શરૂઆતમાં આ જ ઘરમાં રહેતા હતા. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં તેમના મૃત્યુ બાદ ઘરનો ઉપયોગ જેઈઆઈના અમીર (મુખ્ય)ના નિવાસસ્થાન તરીકે કરવા લાગ્યા.એસઆઈએના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, આ કાર્યવાહીનો ઉદ્દેશ્ય અલગતાવાદી ગતિવિધિઓ માટે ધનની ઉપલબ્ધતાને રોકવાનો છે. આ સાથે જ ભારતની સાર્વભૌમત્વ માટે રાષ્ટ્રવિરોધી તત્વો અને આતંકવાદી નેટવર્કની સમગ્ર વ્યવસ્થાને તોડી પાડવાનો છે. આ કાર્યવાહી જમ્મુ-કાશ્મીરમાં ઘણી હદ સુધી ફન્ડિંગના જોખમને ખતમ કરી દેશે. સાથે જ એવા સમાજની સ્થાપનામાં પણ મદદ મળશે જ્યાં કોઈ ભય ન હોય.

એસઆઈએએ કેન્દ્રશાસિત પ્રદેશમાં જેઈઆઈની ૧૮૮ મિલકતોની ઓળખ કરી છે જેને આગળની કાનૂની કાર્યવાહી માટે સૂચિત કરવામાં આવી રહી છે. અધિકારીઓએ કહ્યું કે આ કાર્યવાહી બટમાલૂ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆરની તપાસનું પરિણામ છે.

## બિહાર: ભાજપની તેજસ્વી યાદવને મુખ્યમંત્રી બનાવવાની માંગ, કહ્યુ- ડીજીપી બદલવાથી કાયદો વ્યવસ્થા નહીં સુધરે

પટણા, તા.૨૫

બિહારમાં ગુનાખોરી અને દારૂબંધીનો મુદ્દો ગરમાયો છે. વિપક્ષ સતત બિહાર સરકાર અને મુખ્યમંત્રી નીતિશ કુમારને ઘેરી રહ્યું છે અને તેમના રાજીનામાની માંગ કરી રહ્યું છે. ત્યાં થોડા દિવસો પહેલા આરએસ ભાટીએ બિહારના નવા ડીજીપી તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. બીજેપી પ્રવક્તા નિખિલ આનંદે ફરી એકવાર સીએમ નીતીશ પર પ્રહાર કરતા શનિવારે કહ્યું કે, ડીજીપી બદલવાથી કાયદો અને વ્યવસ્થામાં સુધારો નથી થવાનો. તેમણે નીતીશ કુમારના રાજીનામાની માંગ કરતા ફરી બિહારને બચાવવાની વાત કરી છે. આ સાથે જ તેજસ્વી યાદવને મુખ્યમંત્રી બનાવવાની પણ વાત થઈ છે.એક ટ્વીટમાં વીડિયો જાહેર કરતી વખતે નિખિલ આનંદે કહ્યું કે, બિહાર ફરીથી અંધકાર યુગમાં પરત ફરી રહ્યું છે. લોકો સાંજ પડતાં જ ઘરની બહાર નીકળતા ડરી રહ્યા છે. નીતીશજીને હાથ જોડીને વિનંતી છે કે બિહારને બચાવવા માટે તેઓ રાજીનામું આપી આશ્રમમાં ચાલ્યા જાઓ.

પછી ભલે તેજસ્વીને સીએમ બનાવી દેવો. એકંદરે બીજેપી તેજસ્વી યાદવને મુખ્યમંત્રી બનાવવાના ફેવરમાં છે. આ પહેલા પ્રશાંત કિશોરે પણ મુખ્યમંત્રી નીતિશ પર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, તેજસ્વી યાદવને અત્યારે જ મુખ્યમંત્રી બનાવી દેવા જોઈએ. વર્ષ ૨૦૨૫ની રાહ જોવાની જરૂર નથી. નીતિશ કુમારે બિહારની હાલત બગાડી નાખી છે.છેલ્લા દિવસોમાં જ પૂર્વ ડીજીપી એસકે સિંઘલનો કાર્યકાળ સમાપ્ત થઈ ગયો હતો ત્યારબાદ આરએસ ભાટીએ નવા ડીજીપી તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. ભટ્ટીના આગમનથી બિહારની કાયદો અને વ્યવસ્થા સુધરવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# મમતાને રોકવા માટે બંગાળમાં કેટલાક ડાબેરી નેતા ભાજપમાં ભળી ગયા

કોલકાતા,તા.૨૫

પશ્ચિમ બંગાળમાં ત્રણ મહિના પછી પંચાયતની ચૂંટણી, હિંસા અત્યારથી શરૂ થઈ આ નવી વન ટુ વન ફોર્મ્યૂલા છે જેથી મમતા વિરોધી વોટ એકજૂટ થાય પ.બંગાળમાં એપ્રિલ ૨૦૨૩માં પંચાયતની ચૂંટણી યોજાવાની શક્યતા છે પણ હિંસા તો અત્યારથી જ શરૂ થઈ ગઇ છે. ગ્રાઉન્ડ લેવલ પર કઈ પાર્ટીની કેટલી મજબૂત પકડ છે એ બધું લોહિયાળ ઈતિહાસવાળી આ ચૂંટણીઓથી જ નક્કી થાય છે, કેમ કે અહીં આશરે ૫૯ હજાર પંચાયત પ્રતિનિધિઓનાં પદોની ચૂંટણી ફક્ત પાર્ટી સિમ્બોલ પર જ લડાય છે.

૨૦૧૮ની પંચાયતની ચૂંટણીમાં ૨૦થી વધુ હત્યાઓ ચૂંટણીની અદાવતમાં કરાઈ હતી. જોકે દાવો તો ૩૦થી વધુ મૃત્યુનો કરાયો હતો. આ વખતે ચૂંટણીમાં લોહિયાળ સંઘર્ષનો ડર વધુ છે. તેનું કારણ પણ છે. ખરેખર હવે દરેક પંચાયતને વર્ષમાં ૪-૫ કરોડ રૂ.નું ફંડ મળવા લાગ્યું છે. ભાસ્કરે કોલકાતા, પૂર્વ મિદનાપુર, હાવડા, ઉત્તર ૨૪ પરગણા સુધીના જિલ્લાઓની સ્થિતિ જાણી હતી.

રાજકીય લડાઈની સંગઠિત તૈયારીની ગૂંજ ક્યાંક બોમ્બ વિસ્ફોટ તો ક્યાંક નવાં સમીકરણો તરીકે અત્યારથી સ્પષ્ટ સંભળાવા લાગી છે.

ગ્રામીણ બંગાળમાં અનેક વિસ્તારોમાં વન ટુ વન મુકાબલા માટે ભાજપને માકપા કે કોંગ્રેસ સમર્થકોનો સાથ મળવો નવાં સમીકરણ તરીકે સામે આવ્યું છે. તેનાથી હિંસાની આશંકા પણ વધી ગઈ છે. તેને જોતાં જ પંચાયતની ચૂંટણીમાં કેન્દ્રીય સુરક્ષાદળોને તહેનાત કરવાની માગ કરાઈ છે.

ઉત્તર ૨૪ પરગણા, પૂર્વ મિદનાપુર સહિત અમુક જિલ્લાઓમાં ક્યાંક ''પહેલા રામ.. પછી વામ' સૂત્ર તો ક્યાંક તૃણમૂલની શક્તિશાળી મોરચાબંધી પણ છે. તેની ઝાંખી તાજેતરમાં કો-ઓપરેટિવ ચૂંટણીમાં જોવા મળી હતી.

અનેક જગ્યાએ તૃણમૂલને હરાવવા ડાબેરી પક્ષો અને કોંગ્રેસે ઉમેદવારો જ ન આપ્યા.

ભાજપ, માકપા કે કોંગ્રેસના મોટા નેતા ભલે આ વાતને સ્વીકારતા ન હોય પણ ગ્રાઉન્ડ લેવલ પર ઉમેદવારો આંકડા સાથે તેને સાબિત કરે છે. નંદીગ્રામ આંદોલનમાં સુવેન્દુ અધિકારીની સાથે ડાબેરી સરકાર વિરુદ્ધ સંઘર્ષ કરનારા અને હવે તૃણમૂલના પદાધિકારી સ્વદેશ દાસ કહે છે કે અનેક જગ્યાએ ભાજપ-લેફ્ટ કે ભાજપ-કોંગ્રેસ વચ્ચે જૂથબંધી છે. પૂર્વ મિદનાપુરમાં નંદકુમાર-બહેરામપુર કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર ક્રેડિટ સોસાયટીમાં ભાજપ અને માકપા સમર્થકોએ મળીને એક નવા બેનર હેઠળ ચૂંટણી લડી અને તમામ ૬૩ બેઠકો જીતી લીધી. તેમાં ૫૨ સીટો એવી હતી જ્યાં તૃણમૂલે નવા ગઠબંધન સામે હારના ડરથી નોમિનેશન પાછું ખેંચી લીધું હતું. આ ચૂંટણીમાં વિજેતા રહેલા ભાજપના નેતા દુલાલ મંડલ કહે છે કે ૨૦૧૧માં માકપાને હરાવવા તૃણમૂલે પણ અનેક પક્ષોનો સંપર્ક કર્યો હતો. આ જૂથબંધી અંગે કોલકાતાના પ્રો.સુમન નાથ કહે છે કે આવું દરેક જગ્યાએ તો નહીં પણ એ ગ્રામ પંચાયતોમાં બની શકે છે જ્યાં તૃણમૂલ સમર્થકોએ વધારે હિંસા કરી હોય.

# ભાજપના ધારાસભ્ય સહિત ૧૦ નેતાઓને એક વર્ષની સજા ફટકારાઇ

ભોપાલ,તા.૨૫

મધ્યપ્રદેશના ખંડવાના પ્રખ્યાત સૂટ કેસમાં વિશેષ અદાલતે ભાજપના ધારાસભ્ય રામ ડાંગોર સહિત ૧૦ નેતાઓને એક વર્ષની જેલની સજા ફટકારી છે. વિદ્યાર્થી સંગઠન એબીવીપીમાં રહીને આરોપીઓએ ૧૧ વર્ષ પહેલા કૃષિ કોલેજના પ્રોફેસરનું મોઢું કાળું કર્યું હતું. માર્ચ ૨૦૧૧માં બનેલી આ ઘટનામાં રામ ડાંગોર સહિત ૧૦ લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. બીજા દિવસે, અન્ય પ્રોફેસરે પોતાનો જીવ ગુમાવ્યો, જેઓ પણ આ ઘટના સાથે જોડાયેલા હતા. કોર્ટે તમામને વિદ્યાર્થી રાજકારણમાં સંયમ રાખવાની સલાહ આપતાં જામીન પર મુક્ત કર્યા હતા.૯ માર્ચ, ૨૦૧૧ના રોજ ખંડવા જિલ્લામાં બનેલી ઘટનામાં, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકરો દ્વારા વિદ્યાર્થિનીઓની છેડતીનો આરોપ લગાવતા પ્રદર્શન દરમિયાન, વિદ્યાર્થીઓએ એગ્રીકલ્ચર કોલેજના પ્રોફેસર અશોક ચૌધરીને માર માર્યો હતો. તેમનો ચહેરો કાળો કરવામાં આવ્યો હતો.

ભગવંતરાવ મંડલોઈ એગ્રીકલ્ચર કોલેજમાં ૯ માર્ચ, ૨૦૧૧ના રોજ પ્રોફેસર અશોક ચૌધરીનું મોઢું કાળું કરનાર આરોપીઓમાં અશ્વિની સાહુ મુખ્ય આરોપી હતો. કાલિખની ઘટનામાં, કોતવાલી પોલીસે એબીવીપીના ૧૧ સભ્યો વિરુદ્ધ આઈપીસી કલમ ૩૫૩, ૩૩૨, ૨૯૪, ૫૬, ૪૨૭, ૧૪૭, ૧૪૯ અને એસસી એસટી એક્ટ હેઠળ કેસ નોંધ્યો હતો. આ કેસમાં પંઢાણાના ભાજપના વર્તમાન ધારાસભ્ય રામ ડાંગોર, બીજેવાયએમ જિલ્લા પ્રમુખ અનૂપ પટેલ, ધારાસભ્ય અશ્વિની સાહુના નજીકના રાહુલ ડોડે, રોહિત મિશ્રા, અંકિત અવસ્થી, કૈલાશ સાહુ, જયોતિ વાલીજંકર, સોનાલી, આશિષ તાયડેને આરોપી બનાવવામાં આવ્યા છે. પોલીસ. હતી.

આમાંથી આરોપી રામ ડાંગોરે ૨૦૧૮ની વિધાનસભાની ચૂંટણી આદિવાસી અનામત બેઠક પંઢાણાથી ભાજપની ટિકિટ પર જીતી હતી.


ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ











# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપનો પ્રથમ સ્નેહ મિલન કાર્યક્રમ અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદ ખાતે યોજાઈ ગયો

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપનો પ્રથમ સ્નેહ મિલન કાર્યક્રમ અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદ ખાતે ગઈકાલે યોજાઈ ગયો જેમાં કાર્યક્રમ ની શરૂઆત જાણીતા કવિ શ્રી કૃષ્ણ દવે દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી જ્યારે સંધ્યા સમયે મુખ્ય મહેમાન કવિ સાહિત્યકાર ડોક્ટર ઉષાબેન ઉપાધ્યાય દ્વારા ગ્રુપ ના સભ્ય ડો.મનીષા વ્યાસ ના પુસ્તક 'મારી સાહિત્ય સરિતા યાત્રા' વિમોચન નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અમેરિકા સ્થિત બેઠક લિટરરી ગ્રુપના પ્રજ્ઞા દાદભાવાલા, જીગીશા પટેલ તેમજ અમેરિકા ગુજરાત દર્પણ અખબારના તંત્રી માલિક સુભાષ શાહ તેમજ ગુજરાતના જાણીતા વેદાંત શિક્ષણ સંકુલ સ્થાપક તેમજ નિવૃત્ત બી.એડ કોલેજ પ્રિન્સિપાલ શિક્ષણવિદ ડોક્ટર ધારિણીબેન શુક્લા તેમજ અમેરિકા સ્થિત સાહિત્ય સંગીત નુંવિશ્વ ગ્રુપ આયોજક કૌશિક શાહ.રાજુલ શાહ સહયોગી ગ્રુપ તરીકે સાથે રહી ઉપસ્થિત મહેમાનો એ કાર્યક્રમ ને ખૂબ સુંદર ઓપ આપ્યો હતો.. બને ગ્રુપના મુંબઈ તેમજ ગુજરાતના સભ્યશ્રીઓએ હાજર રહીને સમગ્ર કાર્યક્રમને સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજે સાત વાગ્યા સુધી માણ્યો હતો તેમાં ગીત સંગીત તેમજ સાહિત્યિક ગદ્ય.પદ્ય રચનાઓનું પઠન કરવામાં આવ્યું હતું...

સભ્ય શ્રી નિખિલ કીનારિવાલા દ્વારા કરોએકો સુંદર સંચાલન કર્યું હતું.. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગ્રુપના એડમીન ટીમ સભ્યો જયશ્રી પટેલ,માયા દેસાઈ, જયકાંત્ ઘેલાણી,વિભૂતિ બેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. સૌ કોઈ સાથે સવારે ચાહ.કોફી નાસ્તો લહેજત માણી લંચ અને ડિનર માણીને છૂટા પડ્યા હતા....

ખૂબ આનંદ અને ઉત્સાહ પૂર્વક આ કાર્યક્રમ પૂર્ણ થયો હતો. ગ્રુપના સંચાલક પ્રદીપ રાવલ મીનાક્ષી રાવલે સૌ ઉપસ્થિત સાહિત્યિક સર્જક,મહેમાનો,સહયોગીઓ અને રસીકોનો આભાર માન્યો હતો..

















# સુશાસન દિવસ ઉજવણી

# રાજયના પ્રત્યેક નાગરિકને સરકારી યોજનાઓના લાભો સત્વરે પૂરા પાડવા એ જ અમારી પ્રાથમિકતા: પ્રજાની તમામ આશા-અપેક્ષાઓ પૂરી કરવાની નેમ: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે કે, દરેક વ્યક્તિને સરળતાથી સરકારી સેવાઓના લાભ મળે તે રાજય સરકારની પ્રાથમિકતા છે અને રહેશે જ. નાગરીકોની આશાઓ-અપેક્ષાઓનો અવાજ સાંભળી તેમની સમસ્યાઓ નિવારવા સરકાર પ્રજાની પડખે છે એવો ભાવ દરેક વ્યક્તિને જાગે તે જ સરકારની સફળતા અને ગુડ ગર્વનન્સ-સુશાસન છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલેભારત રત્ન અને દેશના પૂર્વ વડાપ્રધાન સ્વર્ગીય શ્રી અટલ બિહારી વાજપેયીજીની સ્મૃતિમાં ગુડ ગવર્નન્સ ડે-સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગર ખાતેથી આજે ગુડ ગવર્નન્સના ઈનિશીએટીવના ભાગરૂપે વિવિધ વિભાગોના ૧૨ જેટલા પોર્ટલનું લોન્ચીંગ કર્યું હતું.

તેમણે ઉમેર્યું કે, સુશાસન અને ઈ-ગવર્નન્સ એ કોઈ વ્યકિતથી નહી પણ ટીમ સ્પીરીટ અને ટીમ વર્કથી જ આવી શકે છે. ગુજરાતમાં સરકારી અધિકારી-કર્મીઓમાં આજે કર્મયોગનો ભાવ જાગ્યો છે ×મારું શ' અને 'મારે શું' એ માનસિકતામાંથી હવે 'મારું છ' અને 'મારે જ કરવાનું છે'ની ભાવના વિકસી છે. જેના પરિણામે રાજયના નાગરિકોની પણ અપેક્ષાઓ વધી છે ત્યારે નાના માણસોના કામ પણ સરળતાથી થાય અને સરકારી અધિકારી કર્મીઓ સારી રીતે સાંભળે એવી વ્યવસ્થા ગોઠવવા મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી પટેલે ઉમેર્યુ કે, રાજય સરકારે ગુડ ગવર્નન્સને પ્રાધાન્ય આપ્યું છે એટલે જ લોકોનો વિશ્વાસ આપણા પર વધ્યો છે. એને ટકાવી રાખવા માટે આપણે ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છીએ ત્યારે આપણે વધુને વધુ લોકોનો સંપર્ક કરીએ અને કચેરીએ આવતા સામાન્ય નાગરિકને સાંભળી જે કામ નીતિ નિયમોનુસાર ન થાય એવા હોય તેવા સંજોગોમાં ઉપરી અધિકારીનો સંપર્ક કરાવી એનો વિશ્વાસ સરકાર પ્રત્યે જળવાઈ રહે એવા સંનિષ્ઠ પ્રયાસો કરવા ભારપૂર્વક અનુરોધ કર્યો છે.

તેમણે ઉમેર્યું કે,રાજય સરકાર દ્વારા બજેટમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવી રહ્યો છે ત્યારે આવકનો સ્રોત પણ આપણે વધારવો પડશે. પણ એ કેવી રીતે વધે એ માટે તમામ વિભાગોએ પણ સઘન આયોજન કરવું પડશે. એટલુંજ નહીં,જૂના આયોજનોના ખર્ચમાંથી બચત કેવી રીતે થાય એ પણ ધ્યાને લેવા સૌને અનુરોધ કર્યો હતો.મુખ્યમંત્રીશ્રી એ ઉમેર્યુ કે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્થાપેલા પ્રો-પીપલ અને પ્રો-એક્ટીવ ગવર્નન્સના ગુજરાત મોડેલ પર સતત બે દાયકા કરતાં વધુ સમયથી લોકો નિરંતર વિશ્વાસ મૂકતા આવ્યા છે. ગુજરાતની ૨૦ વર્ષની અવિરત વિકાસ યાત્રાની સફળતાના પાયામાં પણ સુશાસન જ રહેલું છે.શ્રી નરેન્દ્રભાઈએ નાખેલા મજબૂત પાયાનું જ આ પરિણામ છે કે ગુડ ગવર્નન્સ ઈન્ડેક્સમાં પણ ગુજરાત દેશમાં અગ્રણી રહ્યું છે. આ સુશાસનને પરિણામે જ રાજયની જનતાએ ફરી એકવાર અટલજી અને મોદીજીએ કંડારેલા પથ ઉપર ચાલતી ભાજપા સરકારને જંગી બહુમતીથી જનસેવાની વધુ એક તક આપી છે. મુખ્યમંત્રી શ્રી પટેલે ગુડ ગવર્નન્સ ના ઈનિશીએટીવના ભાગરૂપે આજે મહિલા અને બાળકલ્યાણ વિભાગની મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના માટે,આદિજાતિ વિકાસ વિભાગની યોજનાઓના વ્યક્તિગત લાભાર્થીઓ માટે,મહેસુલ વિભાગમાં સ્ટેમ્પ-ડ્યુટી અને દસ્તાવેજ નોંધણી માટેની ઓનલાઈન અરજીઓ સહિત વિવિધ વિભાગોના ૧૨ જેટલા વેબ-પોર્ટલ લોન્ચ કર્યા છે.જેના દ્વારા વિભાગની કામગીરી વધુ સુદઢ બનતાની સાથે પારદર્શિતા અને ઝડપ આવશે તથા લોકોને યોજનાઓના લાભ મેળવવામાં સરળતા થવાથી કચેરીઓમાં જવાની જરૂર પણ નહીં રહે.

સુશાસન દિવસ નિમિત્તે રાજયના સચિવશ્રીઓ, સરકારી વિભાગના વિવિધ અધિકારીઓ તથા જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ ને સંબોધન કરતા જણાવ્યું હતું કે, વિકસિત ભારતના નિર્માણ માટે હવે જિલ્લાએ નાગરિકોને સુશાસનની અનુભૂતિ કરાવવાની સાથે સાથે જિલ્લાનું આર્થિક યોગદાન વધે તે માટે પ્રયત્નો કરવા જોઈએ. દરેક જિલ્લાએ પોતાનો જીડીપી દર વધારવા વાણિજયને પ્રોત્સાહન આપવું તેમજ નાગરિકોની આર્થિક-સામાજિક સુખાકારી વધે તે માટે પ્રાથમિકતા આપવી એ દેશના વિકાસમાં મહત્વનું યોગદાન બની રહેશે. મુખ્ય સચિવશ્રી એ વધુમાં કહ્યું હતું કે, તમામ જિલ્લાએ પોતાને 'રિએલાઈમેન્ટ' કરી વૈશ્વિક સ્તરે સ્પર્ધામાં ઉતરવું પડશે. દેશમાં સ્વતંત્રતના સમયથી જિલ્લાની ગણના માત્ર વહીવટી એકમ તરીકે થતી હતી, જેને હવે બદલીને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં અર્થતંત્રના એકમ તરીકે કાર્ય કરવાની જરૂર છે. જિલ્લાએ પોતે જ એન્ટિસિપેટીંગ ગવર્નન્સનું ઉદાહરણ પૂરું પાડવાનું છે. આ માટે પોતાના જિલ્લામાં જેવો વિકાસ જોવા માંગતા હોય તે દિશામાં લક્ષ્યાંકો નિર્ધારિત કરી તેને હાંસલ કરવા પ્રયાસો કરવા જોઈએ.

તેમણે જિલ્લાના ઉચ્ચ અધિકારીને અનુરોધ કરતા કહ્યું હતું કે, પ્રજા અને સરકાર વચ્ચેનો સંવાદ અસરકારક બને તેવા પ્રયત્નો કરવા જોઈએ. આ માટે ગામડાઓના ક્લસ્ટર બનાવીને દર પંદર દિવસે રાત્રિ સભાઓનું આયોજન કરી લોકોના પ્રશ્નો-પ્રતિભાવો રૂબરૂ સાંભળવાની નિયમિત વ્યવસ્થા કરવા તેમણે અધિકારીઓને સૂચન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે વર્ષ ૨૦૧૭-૧૮ તથા વર્ષ ૨૦૧૮-૧૯માં શ્રેષ્ઠ કામગીરી કરનારા જિલ્લા કલેક્ટરો તથા જિલ્લા વિકાસ અધિકારીઓને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. તેમજ મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજયમાં સુશાસનની દિશામાં કરાયેલી શ્રેષ્ઠ કામગીરીઓ અંગેના પુસ્તકનું પણ વિમોચન કરાયું હતું.

આ કાર્યક્રમમાં, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાશનાથન સામાન્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ. કે. રાકેશ સહિત તમામ વિભાગના ઉચ્ચ સનદી અધિકારીઓ તથા જિલ્લા કક્ષાએ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સહભાગી થયા હતા.

આ કાર્યક્રમમાં સ્પીપાના ડાયરેક્ટર જનરલ શ્રી આર. સી. મીણાએ સ્વાગત પ્રવચન કર્યું હતું, જયારે વહીવટી સુધારણા વિભાગના સચિવ શ્રી ધનંજય દ્વિવેદીએ આભારવિધિ કરી હતી.

-દિલીપ ગજજર/દિપક જાદવ

# દીવના ઐતિહાસિક ચર્ચમાં થઈ નાતાલની ઉજવણી અને પ્રાર્થના

અમદાવાદ,તા.૨૫

નાતાલની આગલી રાત્રે ખ્રિસ્તી ધર્મના પરિવારોએ રાત્રે ક્રિસમસની ઉજવણી કરી હતી. ખ્રિસ્તી સમાજના તમામ લોકોએ પોતપોતાના ઘરે કેક બનાવી અને તમામ પરિવારોને વહેંચીને ક્રિસમસની વધામણી આપી હતી. દીવમાં ખ્રિસ્તી સમુદાયના ૫૦ જેટલા પરિવારો વસે છે. તમામ પરિવારોએ તેમના ઘરોને રંગબેરંગી રોશનીથી શણગાર્યા હતા.





કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં આવેલા ઐતિહાસિક સેન્ટ પોલ ચર્ચમાં ખ્રિસ્તી ધર્મના લોકો એ ભવ્ય રીતે ક્રિસમસની ઉજવણી કરી હતી. ચર્ચ ખાતે ભગવાન ઈસુ ખ્રિસ્તની પ્રતિમા સામે લોકોએ ક્રિસમસની વિશેષ પ્રાર્થના કરી હતી. દીવમાં ખ્રિસ્તીજનોની વસ્તી વધારે હોવાથી નાતાલનો ખૂબ સુંદર માહોલ જોવા મળ્યો હતો. ખ્રિસ્તી સમુદાયના લોકોએ નવા રંગબેરંગી વસ્ત્રો પહેરીને દિવ ખાતેના ઐતિહાસિક ૬૦૦ વર્ષ જૂના સેટ પોલ ચર્ચ ખાતે તમામ ખ્રિસ્તી સમાજના લોકો એકત્રિત થઈ ઈસુ ભગવાનને પ્રાર્થના કરી હતી.

નાતાલની આગલી રાત્રે ખ્રિસ્તી ધર્મના પરિવારોએ રાત્રે ક્રિસમસની ઉજવણી કરી હતી. ખ્રિસ્તી સમાજના તમામ લોકોએ પોતપોતાના ઘરે કેક બનાવી અને તમામ પરિવારોને વહેંચીને ક્રિસમસની વધામણી આપી હતી. દીવમાં ખ્રિસ્તી સમુદાયના ૫૦ જેટલા પરિવારો વસે છે. તમામ પરિવારોએ તેમના ઘરોને રંગબેરંગી રોશનીથી શણગાર્યા હતા. સવારે સમૂહમાં ઈસુ ભગવાનને પ્રાર્થના કરી હતી. અહીં વિશેષતા એ છે કે ખ્રિસ્તી સમાજના લોકો સાથે નાતાલપર્વ ની ઉજવણી કરવા સેટપોલ ચર્ચ ખાતે દિવ માં કોઈ પણ ભેદભાવ વગર તમામ હિન્દુ તેમજ અન્ય ધર્મના લોકો પણ એકઠા થયા હતા.અને એક બીજા ને ક્રિસમસ ની વધામણી આપી ભવ્ય તરીકે ઉજવણી કરીને રાષ્ટ્રીય એકતા દેખાડી હતી.મહામારી કોરોના ની દહેશત વચ્ચે પણ નાતાલ ની રજા ઓ માં સોમનાથ હાઉસ ફુલ થયું છે. મંદીર ટ્રસ્ટ દ્વારા તમામ સાવચેતી ના પગલા ઓ લેવાયાં છે. તેમ છત્તા રહેવા જમવા દર્શન સહીત જગ્યા ઓ પર ભારે ટ્રાફીક છે.સૌ ની સોમનાથ મહાદેવ ને એકજ પ્રાર્થના છે આ કે મહામારી વીદાય લે. નાતાલ ની રજાઓ માં સૌરાષ્ટ્રના પ્રવાસન અને ધાર્મિકસ્થાનોમાં મોટી સંખ્યામં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. જેમાં સોમનાથ દ્વારકા સાસણ દીવ સહીત સ્થાનો ઉપર પ્રવાસીઓ ઊમટી રહ્યા છે. ત્યારે સોમનાથ ટ્રસ્ટ સંચાલિત સાગરદર્શન, લીલાવતી, મહેશ્વરી સહીતના અતિથી ગૃહો ભરચક જોવા મળી રહ્યા છે.આજે આખા દેશમાં નાતાલનું પર્વ ઉજવાઈ રહ્યું છે ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ખ્રિસ્તી ભાઈ બહેનોને નાતાલના પર્વની શુભેચ્છાઓ આપી હતી.આજે ગુજરાતભરમાં વસતા ખ્રિસ્તી પરિવારોએ નાતાલની ઉજવણી કરી હતી. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા જેવા મહાનગરોમાં પણ નાતાલ તથા નવા વર્ષ નિમિત્તે અવનવા કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા છે. અમદાવાદમાં આજથી ખૂબ જાણીતા કાંકરિયા કાર્નિવલની શરૂઆત થશે આ કાર્નિવલ તથઆ રોશની જોવા માટે લોકો દૂરદૂરથી ઉમટી પડતા હોય છે.

## પતંગ રસિકો માટે ખુશ ખબર !

# પતંગ કપાયા બાદ હવે દોરી વીંટવાની ઝંઝટ નહીં રહે, બજારમાં ઓટોમેટિક ફીરકી આવી

અમદાવાદ,તા.૨૫

જો તમે પતંગ રશિયા છો, તમને પતંગ ચગાવવાનો શોખ છે, તમને પેચ લડાવવાનો શોખ છે, લપેટ-લપેટ બોલવાનો શોખ છે, પણ જો તમને પતંગ ચગાવ્યા બાદ અને પેચ લડાવ્યા બાદ ફીરકી લપેટવાનો કંટાળો આવતો હોય તો તમારો આ કંટાળો હવે દૂર થઇ જશે. કારણ કે આ વર્ષે બજારમાં એક એવી ફીરકી આવી છે, જે લોકોની દોરી વીંટવાની સમસ્યા દૂર કરશે. ઉત્તરાયણના પર્વ પહેલા બજારમાં એક એવી ઓટોમેટિક ફીરકી આવી છે કે, પતંગ ચગાવ્યા બાદ એક સ્વીચ દબાવવાથી તમામ દોરી ફિરકીમાં વીંટાઈ જશે.




ઉતરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. જે પર્વ પર લોકો પોતાના પરિવાર સાથે મકાનના ધાબે જઈને પતંગ ચગાવતા હોય છે અને કાપ્યો છે, લપેટ લપેટના નારા લગાવતા હોય છે. જોકે આ જ પર્વ દરમિયાન જ્યારે લોકો પતંગની દોરીને ઢીલ આપે છે અને જ્યારે પતંગ કપાય છે તે બાદ તેમને દોરી વીંટવાનું કહેવામાં આવે તો આળસ આવતી હોય છે. આ તકલીફ દૂર કરવા માટે બજારમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ પ્રકારના સ્ટેન્ડ મળવાની પણ શરૂઆત થઈ છે. જોકે તેમ છતાં પણ તેમાં માનવ બળ લાગતું હોવાથી લોકોને હજુ પણ દોરી વિટવામાં કંટાળો આવે છે. ત્યારે આ જ કંટાળો દૂર કરવા અને લોકોને નવીનતમ વસ્તુ આપવા માટેના પ્રયાસના ભાગરૂપે બજારમાં ઓટોમેટીક ફીરકી મળવાની શરૂઆત થઈ ચૂકી છે. જે ફીરકીમાં એક સ્વીચ દબાવવાથી જ દોરી આપોઆપ વીંટાઈ જાય છે.

સામાન્ય રીતે આપણે જોતા હોઈએ છીએ કે તહેવાર દરમિયાન કોઈ નવી આધુનિક વસ્તુ બજારમાં આવે તો તે મેઈડ ઈન ચાઈના હોય છે. જોકે બજારમાં મળતી આ ઓટોમેટિક ફીરકી મેડ ઈન ઈન્ડિયા છે. જે સ્વદેશી પ્રોડક્ટ હાલ બજારમાં પતંગ રસિયાઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. કેમ કે તે ફીરકીમાં એક સ્વીચ દબાવતા દોરી વીંટાઈ જાય છે. જે ફીરકી ૯ વોલ્ટની ત્રણ બેટરી પર ચાલે છે અને પૂરો દિવસ વાપરવા સાથે ત્રણ દિવસ તેની બેટરી ચાલે છે. એટલે કે એક વાર બેટરી નાખ્યા બાદ એક પર્વ નીકળી જાય. આ ફિરકીમાં બેટરી, મોટર, સ્વીચ અને સર્કિટ આવેલી છે. આ ફીરકી ૨૫૦૦ વારની મળે છે. જેમાં દોરી પુરી થઈ જાય તો તેમાં દોરી ભરાવી શકાય છે.

અથવા તો તેજ ફીરકીનો દોરી સાથેનો તૈયાર કોન આવે છે. જૂનો કોન પૂરો થયા બાદ ફીરકી સાથે આવેલા નવા કોનને એક સ્ક્રુ ડ્રાયવરની મદદથી ફીરકી ખોલી ફિટ કરી દેવાય છે અને બાદમાં ફરી પતંગરસિયા પતંગ ચગાવી શકે છે.

બજારમાં મળતી આ ઓટોમેટિક ફીરકી સ્વદેશી છે. જોકે સામાન્ય રીતે જે ફીરકી ૨૫૦૦ વાર ની ૬૫૦ કે તેની આસપાસ કિંમતમાં મળી રહે તેના બદલે ઓટોમેટિક ફીરકી ૨૦૦૦ કિંમત આસપાસ મળી રહી છે. જે ત્રણ ગણા વધુ ભાવ છે. તો તેનો દોરી સાથેનો તૈયાર કોન ૬૦૦ રૂપિયા આસપાસ મળી રહ્યો છે.

# રાજકોટના નિર્મલા રોડ નજીક દારૂની મહેફિલ ઝડપાઈ

રાજકોટ,તા.૨૫

રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા દિવસથી ગુનાઓની ઘટના વધી રહી છે, ત્યારે હવે નિર્મલા રોડ નજીક દારૂની મહેફિલ ઝડપાઈ છે. તિરૂપતિનગર સોસાયટીમાંથી ૮ થી વધુ શખ્સો મહેફિલ કરતા હોવાનો આક્ષેપ છે. સોસાયટીમાં અવારનવાર દારૂ પીવાની ઘટનાથી સોસાયટીની મહિલા આકરા પાણીએ જોવા મળી રહી છે. મહિલાઓએ પાર્ટી કરતા શખ્સોને મકાનમાં પૂરી ઘર બહાર તાળું માર્યુ હતુ. જો કે ૫ થી ૬ શખ્સો ભાગી ગયા હોવાની માહિતી છે. ગાંધીગ્રામ પોલીસે સ્થળ પર પહોંચી દારૂની બોટલ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તપાસ શરૂ કરી છે. છેલ્લા ૬ મહિનાથી આ શખ્સો દારૂ પીને ખેલ કરતા હોવાનો મહિલાઓનો આક્ષેપ છે.

ગુજરાતમાં દારૂબંધીના નિયમો નેવે મૂકતી અનેક ઘટનાઓ સામે આવી રહી છે. થોડા દિવસો અગાઉ રાજકોટમાં બંધ ઓફિસમાં દારૂ પાર્ટી થતી હોવાનો વીડિયો સામે આવ્યો હતો.

# મહેસાણામાં પેરાશૂટથી નીચે પટકાતા કોરિયન નાગરિકનું મોત, મહેમાન બનીને આવ્યા હતા

મહેસાણા,તા.૨૫

કડીના ધરમપુરમાં ગઈકાલે એક શાળામાં વિચિત્ર ઘટના બની હતી. પીજે પટેલ સર્વ વિદ્યાલયના કાર્યક્રમમા પેરાગ્લાઈડિંગ કરતા સમયે એક વિદેશી નાગરિક જમીન પર નીચે પટકાયો હતો અને તેનુ મોત નિપજ્યુ હતું. મૃતક વિદેશી યુવક સાઉથ કોરિયાનો વતની હતો. તે વડોદરામાં એક ઉદ્યોગપતિના મહેમાન બનીને આવ્યા હતા. જોકે, આ ઘટનામાં ચાઈનીસ દોરી કારણભૂત હોવાનું સામે આવ્યું છે. ચાઈનીસ દોરીથી પેરાશૂટને ઘસરકો લાગેય હતો ને પેરાશૂટ ડેમેજ થયુ હતું. મહેસાણાની પીજે પટેલ સર્વ વિદ્યાલયમાં ગઈકાલે શષ્ટિપૂર્તિના કાર્યક્રમનું આયોજન કરાયુ હતું. જેમાં મૂળ વિસતપુરા ગામના અને હાલમાં વડોદરા ખાતે બિઝનેસ કરતા બિઝનેસમેન શાળાની કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા.

# અરવલ્લી માલપુર આરોગ્ય કેન્દ્રની મુલાકાતે ધવલસિંહ ઝાલા કોરોનાએ માથું ઊંચકતા ધારાસભ્યએ કર્યું નિરીક્ષણ

**માલપુર આરોગ્યકેન્દ્રમાં કોવિડ વિભાગનું કર્યું નિરીક્ષણ**

**હોસ્પિટલમાં દાખલ દર્દીઓને ખબર અંતર પૂછ્યા**

**પ્રસૂતા મહિલાઓને બાળ કીટ ભેટ આપી**



ચીન સહિત વિશ્વમાં કોરોના એ ફરીથી માથું ઊંચક્યું છે ત્યારે હવે ગુજરાતમાં પણ આરોગ્ય તંત્ર એલર્ટ બન્યું છે તો પદાધિકારીઓ પણ પ્રજા હિત માટે સતત ચિંતિત જોવા મળી રહ્યા છે.બાયડ - માલપુર વિધાન સભાના પ્રજા સેવક ધારાસભ્ય ધવલસિંહ ઝાલા માલપુર આરોગ્ય કેન્દ્ર ખાતે પહોંચ્યા હતા અને આરોગ્ય કેન્દ્રમાં ડોકટર , નર્સ સહિતના સ્ટાફ સાથે મુલાકાત કરી જરૂરી ચર્ચા કરી હતી.અને હોસ્પિટલમાં દાખલ દર્દીઓને ખબર અંતર પૂછ્યા હતા તેમજ પ્રસૂતા મહિલાઓને બાળ કીટ ની ભેટ આપી હતી.બીજી તરફ કોરોના સંકટ માં તકેદારીના ભાગરૂપે તેમજ માલપુર આરોગ્યકેન્દ્રમાં કેવી તૈયારીઓ છે.કેવી વ્યવસ્થા છે તે અંગે નિરીક્ષણ કરી ડોકટર સાથે ચર્ચા કરી હતી.

# વિશ્વકર્મા સમાજની વાડી,ધોળકા ખાતે દિવ્યાંગજન ને કૃત્રિમ હાથ બેસાડવાનો કેમ્પ યોજાયો

શનિવાર ના રોજ ન્યુ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રીડમ ડે કેર સેન્ટર - ધોળકા અને રોટરી ક્લબ ઓફ રાધનપુરના સંયુક્ત ઉપક્રમે ઈનાલી ફાઉન્ડેશન - પુના ના સહયોગ થી વિશ્વકર્મા સમાજની વાડી,ધોળકા ખાતે દિવ્યાંગજન ને કૃત્રિમ હાથ બેસાડવાનો કેમ્પ યોજાયો.




૪૪ જેટલા લાભાર્થી ને કૃત્રિમ હાથ વિના મુલ્યે બેસાડયા. લાભાર્થીઓ માટે સવારે અલ્પાહાર અને બપોરે ભોજન ની વ્યવસ્થા કરેલ.રોટરી રાધનપુર ના જોઈન્ટ સેક્રેટરી મહેશ રાઠોડ અને ફ્રીડમ ડે કેર સેન્ટર ધોળકાના પ્રમુખ ભાવિન પરમાર દ્વારા કેમ્પ નું આયોજન કરેલ.. ઈનાલી ફાઉન્ડેશન પુના ના પ્રદીપભાઈ અને હેમંતભાઈ એ તેમની ટિમ સાથે કેમ્પ માં હાજરી આપી કેમ્પ સફળ બનાવ્યો. રજીસ્ટ્રેશન માં કલ્પેશ ઠક્કર અને રાજેશ જાદવે તથા તક્ષશીલા અને કે આર દોશી કોલેજના MSW ના વિદ્યાર્થીઓએ પ્રસંસનીય કામગીરી કરેલ. કાર્યક્રમમાં ધોળકા ના ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી, જે જે પરમાર Chairman & President CWC AISCSTEWA,શ્રી ચીમનભાઈ પટેલ પીપલ્સ કોઓપ બેંક,શ્રી મિહિરભાઈ શાહ ઓમકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ. શ્રી સવજીભાઈ પટેલ સામાજિક અગ્રણી. શ્રી માર્ગેશભાઈ મોદી સામાજિક અગ્રણી. શ્રી પ્રદીપભાઈ પરમાર વોટરમેન પ્રાઈવેટ લિમિટેડ કંપની, સૂર્યકાંત આયર ફોટોકીના કેમિકલ્સ કંપની, ઉમેદ પટેલ ,શ્રી કમલેભાઈ ચંદુભાઈ પંચાલ મેનેજિંગ ટ્રસ્ટી વિશ્વકર્મા સમસ્ત લુહાર સુથાર જ્ઞાતિ મંડળ, શ્રી હરીશ પરમાર પૂર્વ પ્રમુખ ધોળકા નગર પાલિકા, કમલ રાવલ પૂર્વ કાઉન્સિલર ધોળકા, મનીષ રાવલ,વિજયભાઈ મણિયાર સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી CWC, દિપકભાઈ પાંડવ સેન્ટ્રલ એકજ્યુકિતિવ મેમ્બર CWC, સુરેશભાઈ મકવાણા રિઝનલ વાઈસ પ્રેસિડેન્ટ ઉપસ્થિત રહ્યાં હતા. ઉપસ્થિત મહેમાનનું બુકે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સંસ્થાન પ્રમુખ શ્રી ભાવિન પરમાર અને મંત્રી શ્રી હરીશભાઈ પરમાર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.